AAU
# વહીવટી -વ- હિસાબી અધિકારીશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓના પગારમાંથી આવક વેરાની ગણતરી કરી સરખા હપ્તામાં ઇન્કમ ટેક્ષની કપાત કરવા બાબત......

## -: પરિપત્ર:-

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે આવતા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓના પગારબીલમાંથી કરપાત્ર આવકમાંથી આવક વેરો (ઇન્કમ ટેક્ષ)ની નિયમો મુજબ ચકાસણી કરી કપાત કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીનાં ઉપાડ અને ચુકવણા અધિકારીની છે.

ચાલુ વર્ષે ઇન્કમટેક્ષ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા વિવિધ કચેરીઓના ઇન્સ્પેકશન દરમ્યાન ધ્યાન પર આવેલ છે કે અધિકારી/કર્મચારીઓના પગારમાંથી છેલ્લા ત્રણ માસમાં આવક વેરાની કપાત વધુ કરવામાં આવે છે, જે આવક-વેરા નિયમો મુજબ યોગ્ય નથી. આથી સરખા ભાગે દર માસે આવક-વેરાની કપાત થાય તે બાબતે દરેક ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓએ ખાસ ધ્યાન આપવાનું રહેશે. આવતાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષમાં અધિકારી/કર્મચારીની થનાર વાર્ષિક આવક ધ્યાને લઇ તેની ઉપર નિયમોનુસાર આવક-વેરો ગણી ૧૧ સરખા માસિક હપ્તા મુજબ નિયમિત પણે આવક વેરો પગારબીલમાંથી કપાત કરવાનો રહેશે જેથી માર્ચ મહિનામાં ઇન્કમટેક્ષના કારણે પાગર બીલ બનાવવામાં જે વિલંબ થાય છે તે નિવારી શકાય. વધુમાં દરેક અધિકારી/કર્મચારીઓ પાસેથી આવતા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં થનાર આવક ધ્યાને લઇ ઇન્કમટેક્ષની ગણતરી અંગેનું ફોર્મ ભરાવી માર્ચ-૨૦૧૫ના પગાર બીલ સાથે જ રજુ કરવાનું રહેશે, જો ફોર્મ ભરેલ નહી હોય અને સરખા હપ્તામાં આવક વેરો કાપવામાં આવેલ નહી હોય તો પગારબીલ પરત કરવામાં આવશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી સબંધિત ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન દર માસે સરખા હપ્તામાં ઇન્કમટેક્ષની કપાત કરવા અને છેલ્લા મહિનામાં (ફેબ્રુઆરી પેઇડ ઇન માર્ચ) ઇન્કમટેક્ષની કપાત **'નહીવત'** થાય તે રીતે દરેક ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીએ આયોજન કરવાનું રહેશે.

સદરહું પરિપત્ર હિસાબ નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજુરી અનુસાર જારી કરવામાં આવે છે.

વહીવટી -વ- હિસાબી અધિકારી

નં. આકૃયુ/વવહિઅ/પરિપત્ર/ ૭૦૮૦ /૨૦૧૫
તારીખ: ૧૮/03/૨૦૧૫
નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.
(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.
(3) અંગત મદદનીશ, હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.